પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૯ | ૧૮ જુલાઈ, ૨૦૧૮, બુધવાર; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**નવાઝ શરીફની જામીન અરજી ફગાવાઈ**

ઈસ્લામાબાદ હાઈકોર્ટે જેલમાં રહેલા પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફ અને તેમના દીકરી મરીયમ શરીફની જામીન અરજી ફગાવાઈ છે.

**જાણીતા કવિ 'નીરજ' નાદુરસ્ત**

જાણીતા કવિ અને ગીતકાર પદ્મભૂષક ગોપાલદાસ નીરજની તબીયત મંગળવારે અચાનક લથડી ગઈ હતી. તેમને આગ્રાની લોટસ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

**સ્વામી અગ્નિવેશ સાથે ઝારખંડમાં મારઝૂડ**

સામાજિક કાર્યકર્તા સ્વામી અગ્નિવેશને ઝારખંડમાં માર મારવામાં આવ્યો છે. હિન્દુઓ વિરૂદ્ધ બોલવાનો આરોપ લગાવી ભાજપ યુવા મોરચા અને એબીવીપીના કાર્યકર્તાઓએ તેમને માર માર્યો હતો.

**હોકી ખેલાડીનો પરિવાર પરત કરશે એવોર્ડ**

પૂર્વ ભારતીય હોકી ખેલાડી અને પદ્મશ્રી મોહમ્મદ શાહિદનો પરિવાર સરકારને બધા જ એવોર્ડ પરત કરવાની વિચારણા કરી રહ્યું છે. સરકારે તેમને કરેલા વાયદાઓ પૂર્ણ થયા ન હોવાથી તેમનો પરિવાર આ નિર્ણય લઈ રહ્યો છે.

**હવે વાહનો પર કલર કોડ લાગુ થશે**

વ્યવસાયિક વાહનોથી સર્જાતાં માર્ગ અકસ્માતોને ઘટાડવાના દિશા-નિર્દેશો હેઠળ ખતરનાક સામગ્રીનું વહન કરનારા ટેક્રરને હવે સફેદ રંગથી રંગી નાખવામાં આવશે અને અન્ય ટ્રકને કથ્થાઈ કલરથી રંગવામાં આવશે.

# સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ

**ખંભાળિયામાં ૧૨, માણવદરમાં ૧૧, વઘઈમાં ૮ ઇંચ વરસાદ : સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં મેઘકહેર જારી : હજારોનું સ્થળાંતર : ૨૦૦ ગામોમાં અંધારપટ : અસરગ્રસ્તો માટે બચાવ ટીમો સક્રિય**





અમદાવાદ, તા.૧૭

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. મેઘતાંડવની સ્થિતિ વચ્ચે સૌરાષ્ટ્રમાં હાલત કફોડી બનેલી છે. આજે દિવસ દરમિયાન ખંભાળિયામાં ૧૨ ઈંચ, માણાવદરમાં ૧૧, વઘઈમાં ૮ ઈંચ, પોરબંદરમાં ૭ ઈંચ, રાણાવવામાં ૭ ઈંચ, મેંદરડામાં ૭ ઈંચ, વંથલીમાં ૭ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. એનડીઆરએફની ટીમ તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં સક્રિય થયેલી છે. બીજી બાજુ છેલ્લા ૨૪



કલાકમાં ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં મેઘરાજાએ અનરાધાર વર્ષા વરસાવી હતી, જેને પગલે સૌરાષ્ટ્રમાં ગીરસોમનાથ, જૂનાગઢ, ઉના, કોડિનાર, રાજકોટ, વેરાવળ,

● અનુસંધાન પાન-૭ પર

## અસરગ્રસ્ત વિસ્તારોમાં મુખ્યમંત્રી દ્વારા સ્થિતિની સમીક્ષા

અમદાવાદ,તા. ૧૭

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પડી રહેલા ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ અસરગ્રસ્ત વિસ્તારોની માહિતી મેળવવા માટે પહોંચી ગયા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હેલિકોપ્ટરને ખરાબ હવામાનના કારણે કેશોદ વિમાની મથકે ઉતરાણ કરવાની પહેલા મંજુરી મળી ન હતી. રૂપાણીએ આજે સતત બીજા દિવસે પણ એરફોર્સના ખેસ હેલિકોપ્ટર મારફતે રવાના થયા હતા. પુરની સમીક્ષા પણ કરી હતી. આવતીકાલે બુધવારના દિવસે મળનારી કેબિનેટ બેઠક પણ રદ કરી દેવામાં આવી છે. રાજકોટ જતી વેળા ખરાબ હવામાનના લીધે મુખ્યમંત્રીના હેલિકોપ્ટરને જેતપુરમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. મંત્રીમંડળના સભ્યોને પણ પુરગ્રસ્ત વિસ્તારોમાં જઈને નિરીક્ષણ કરવા કહેવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ગીરસોમનાથ જિલ્લામાં પહોંચ્યા હતા અને પુર અને અતિવૃષ્ટિથી ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરી હતી. મોડેથી રૂપાણી વેરાવળ કલેક્ટર ઓફિસમાં પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## પ્રધાનમંત્રીનો ગુજરાત પ્રવાસ રદ કરાયો

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી અતિભારે વરસાદને કારણે સર્જાયેલી અતિવૃષ્ટિની સ્થિતિને પગલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ૨૦મી જુલાઈનો પ્રવાસ કાર્યક્રમ રદ કરાયો છે. ૨૦મીએ પ્રધાનમંત્રી વલસાડ, જુનાગઢ અને ગાંધીનગરમાં અલગ અલગ કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. રાજ્ય સરકારની કેબિનેટ બેઠક પણ રદ કરાઈ છે. જે દર બુધવારે ગાંધીનગર યોજાતી હોય છે.

## ઈન્કમટેક્સના દરોડામાં ૧૬૦ કરોડ રોકડ-૧૦૦ કિલો સોનું જપ્ત

**દરોડાની કામગીરી યથાવતરીતે હજુપણ જારી : ચેન્નાઈ અને આસપાસના વિસ્તારોમાં એક કોન્ટ્રાક્ટરની ઓફિસો પર દરોડા પડાયા**



ચેન્નાઈ,તા. ૧૭

આવકવેરા વિભાગના તપાસ અધિકારીઓએ ચેન્નાઈમાં એક કોન્ટ્રાક્ટરની કંપની ઉપર દરોડા પાડ્યા બાદ અભૂતપૂર્વ સંપત્તિ મળી આવી છે. આ મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. કોન્ટ્રાક્ટર ઉપર આઈટીના દરોડા દરમિયાન ૧૬૦ કરોડ રૂપિયા રોકડ અને ૧૦૦ કિલો સોનું મળ્યા બાદ આ મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. ચેન્નાઈ, અરુપુકોતાઈ, વેલ્લોર અને મદુરાઈમાં ૧૦૦થી વધુ અધિકારીઓની ટુકડીએ ૨૦થી વધારે એસપીએ કેમ્પસમાં દરોડા પાડ્યા હતા. ઓપરેશન પાર્કિંગ મની નામથી દરોડા પાડવામાં આવ્યા હતા. આજે પણ આ દરોડાની કાર્યવાહી જારી રહી હતી. એસપીકે ગ્રુપના પ્રમોટરોમાં એક નાગરાજન સેયાદુરાઈ છે. કોર્પોરેટ મંત્રાલયની વેબસાઈટ મુજબ તેઓ કોન્ટ્રાક્ટ કામગીરી કરે છે. તેમના અન્નાદ્રમુકના નેતા સાથે પણ સંબંધ રહેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી સંસદનું ચોમાસુ સત્ર

**ત્રિપલ તલાક સહિત અનેક બિલ રજૂ થશે : ત્રિપલ તલાક બિલ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે : મોનસુન સત્ર દરમિયાન કેટલાક વટહુકમને બિલ તરીકે પસાર કરવા માટેના પ્રયાસો : ખેડૂત, બેરોજગારી, દલિત અત્યાચાર સહિતના મુદ્દે હોબાળો થશે**

નવી દિલ્હી,તા. ૧૭

સંસદનુ મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યુ છે. આ સત્ર તોફાની બનવાના સાફ સંકેતો દેખાઈ રહ્યા છે. એકબાજુ વિરોધ પક્ષે જમ્મુ કાશ્મીરમાં હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતી, ખેડુતોની સમસ્યા, બેરોજગારી અને દલિતો પર અત્યાચારના મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવા માટેની તૈયારી કરી લીધી છે. બીજી બાજુ મોદી સરકાર સત્રમાં ત્રિપલ તલાક સહિતના મુદ્દા પર બિલને પસાર કરવા માટે ઈચ્છુક છે. વિરોધ પક્ષો પાસેથી સહકારની માંગ કરવામાં આવી રહી છે. સંસદના મોનસુન સત્ર દરમિયાન વિરોધ પક્ષોની વ્યુહરચનાની સામે એનડીએ સરકારે પણ તેની રણનિતી તૈયાર કરી લીધી છે.

મોનસૂન સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થશે અને ૧૦મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું છે કે, મોનસુન સત્ર દરમિયાન કાર્યક્રમ મુજબ જ તમામ મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. મોનસુન સત્ર દરમિયાન કેટલાક વટહુકમને પણ બિલ તરીકે પસાર કરવા માટે રજૂ કરવામાં આવશે. ત્રિપલ તલાક બિલ સરકારની મુખ્ય પ્રાથમિકતા



તરીકે છે. આ બિલ લોકસભામાં પસાર કરવામાં આવ્યા બાદ રાજ્યસભામાં પેન્ડિંગ છે. સરકાર અન્ય પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવા સંબંધિત બિલને પણ પસાર કરવા ઈચ્છુક છે. સરકારના એજન્ડામાં મેડિકલ શિક્ષણ માટે રાષ્ટ્રીય આયોગ બિલ અને ટ્રાન્સઝેન્ડરો સાથે જોડાયેલા બિલ પણ સામેલ છે. મોનસુન સત્ર દરમિયાન અપરાધિક કાયદા સુધારા બિલ ૨૦૧૮ને રજૂ કરવાની પણ યોજના છે. આમા ૧૨ વર્ષની ઓછી વયની બાળકીઓ સાથે બળાત્કારના મામલામાં મૃત્યુદંડની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉરાંત જુદા જુદા બિલ રજૂ કરવામાં આવનાર છે જેમાં જનપ્રતિનિધિ સુધારા બિલ ૨૦૧૭, ડેન્ટિસ્ટ સુધારા બિલ, ફરાર અપરાધી સાથેસંબંધિત બિલ ૨૦૧૮નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય રમતગમત યુનિવર્સિટી બિલ ૨૦૧૭, ભ્રષ્ટાચાર અટકાયત સુધારા બિલ ૨૦૧૩ને પણ રજૂ કરવામાં આવશે.

## જાણીતા અભિનેત્રી રીટા ભાદુરીનું અવસાન : ફિલ્મ જગતમાં આઘાતનું મોજુ

**સાવન કો આને દો, જુલી, રાજા જેવી ૭૦થી વધુ ફિલ્મોમાં રીટા ભાદુરીએ ભૂમિકા ભજવી હતી : હૃદયરોગના હુમલાથી અવસાન**

મુંબઈ,તા. ૧૭

લોકપ્રિય અભિનેત્રી રીટા ભાદુરીનું આજે અવસાન થતાં



બોલીવુડ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. સાવન કો આને દો, જુલી, હીરો નંબર વન અને બેટા જેવી ફિલ્મો મારફતે પોતાની અલગ ઓળખ ઉભી કરનાર રીટા ભાદુરીના અવસાનથી બોલીવુડના તમામ લોકોએ આઘાતની લાગણી વ્યક્ત કરી છે. રીટા ભાદુરી છેલ્લા બે સપ્તાહથી જુહુના સુજય હોસ્પિટલમાં દાખલ હતી. સોમવારની મોડી રાત્રે હાર્ટએટેક થયા બાદ તેમનું અવસાન થયું હતું. છેલ્લા ૧૦ દિવસથી હોસ્પિટલમાં રીટા ભાદુરી ભરતી હતા. અભિનેત્રીની ભત્રીજી મિની ભાદુરીએ કહ્યું છે કે, તેમને કિડનીની તકલીફ હતી. શરીરના અનેક હિસ્સા નબળા પડી ગયા હતા. એટેકના કારણે સોમવારે રાત્રે ૧.૪૫ વાગે તેમનું અવસાન થયું હતું. અભિનેતા શીશીર શર્માએ રીટા ભાદુરીના અવસાન અંગે સ્પષ્ટ વાત કરી છે. સૌથી પહેલા તેમના દ્વારા માહિતી આપવામાં આવી હતી. પોતાના પેજ ઉપર શિશિરે કહ્યું હતુ કે, તેઓ દુખ સાથે કહી રહ્યા છે કે, રીટા ભાદુરી અમને છોડીને જતાં રહ્યા છે. આજે બપોરે ૧૨ વાગે તેમનો અંતિમસંસ્કાર કરવામાં આવ્યો હતો. બપોરના ગાળામાં અંધેરી પૂર્વના સ્મશાન ગૃહમાં રીટા ભાદુરીના અંતિમસંસ્કારની વિધિ કરવામાં આવી હતી. અંતિમસંસ્કારમાં શિશિર શર્મા અને સતીષ શાહ ઉપસ્થિત રહ્યા હતા. રીટા ભાદુરી છેલ્લે ટીવી સિરિયલ નિમ કી મુખિયામાં નજરે પડી હતી જેમાં તેમની ઈમ્રતીદેવીની ભૂમિકા લોકપ્રિય રહી હતી.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે પણ રીટા ભાદુરીના લાંબા સમય સુધી સંબંધ હતા.

## દેશભરમાં ૨૦મીથી ટ્રાન્સપોર્ટર્સની હડતાલ

ન્યુ દિલ્હી,તા.૧૭

ટ્રાન્સપોર્ટરોના સૌથી મોટા યૂનિયન ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે પોતાની માગણીઓને લઈને સરકાર દ્વારા મળી રહેલા આશ્વાસનોથી તંગ આવીને હડતાલનું એલાન કર્યુ છે. ટ્રાન્સપોર્ટરો વીસમી જુલાઈથી અનિશ્ચિતકાલિન હડતાલ પર જઈ રહ્યા છે. આ સ્ટ્રાઈક દરમિયાન દેશભરમાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા અસરગ્રસ્ત થવાની સંભાવના છે.

ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસનું કહેવું છે કે સરકાર તેને ગત ચાર માસથી ખોટા આશ્વાસનો આપી રહી છે. એઆઈએમટીસીની કોર સમિતિના અધ્યક્ષ બાલ મલકીત સિંહે કહ્યુ છે કે પરિવહન ક્ષેત્રમાં આવનારી મુશ્કેલીઓના સંદર્ભે કેટલાક મહત્વના મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ અને તેનું સમાધાન કાઢવાની જરૂર છે.

## ગૌરક્ષા સંદર્ભમાં કાનૂન બનાવવા સરકારને સુપ્રીમનો સ્પષ્ટ આદેશ

નવી દિલ્હી,તા. ૧૭

સુપ્રીમ કોર્ટે આજે અતિ મહત્વપૂર્ણ ગૌરક્ષાના નામ પર દેશના જુદા જુદા ભાગોમાં થઈ રહેલી હત્યાઓના સંદર્ભમાં માર્ગદર્શિકા જારી કરી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, ટોળાને કાયદા હાથમાં લેવાની કોઈ કિંમતે મંજુરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે સંસદમાં આ મામલામાં કાયદો બનાવવા અને સરકારોને બંધારણ મુજબ કામ કરવા માટે સ્પષ્ટ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, કોઈપણ પોતાનીરીતે કાયદો હોઈ શકે નહીં. શાંતિ સ્થાપિત કરવાની જવાબદારી સરકારની રહેલી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, સરકાર પીડિતોને પુરતા પ્રમાણમાં વળતર ચુકવે. સાથે સાથે સંસદ કાયદા બનાવે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચાર સપ્તાહની અંદર જ કેન્દ્ર અને રાજ્ય સરકારો કોર્ટના આદેશને અમલી બનાવે તે જરૂરી છે. કોર્ટ આ મામલાની આગામી સુનાવણી ઓગસ્ટ મહિનામાં હાથ ધરશે. સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ એએમ ખાનવીલકર અને જસ્ટિસ ધનંજય ચંદ્રચુડની બનેલી આ બેંચે માર્ગદર્શિકા જારી કરી હતી. આ પહેલા ગૌરક્ષાના નામ ઉપર થઈ રહેલી હિંસા ઉપર અંકુશ મુકવાના ન્યાયિક આદેશ ઉપર અમલ નહીં કરવા બદલ રાજસ્થાન, હરિયાણા, ઉત્તરપ્રદેશ સરકારની સામે તિરસ્કાર કાર્યવાહી માટે અરજી દાખલ કરાયા પછી સુપ્રીમ કોર્ટે આ સરકારો પાસેથી જવાબની માંગ કરી હતી. મહાત્મા ગાંધીના પૌત્ર તુષાર ગાંધીએ આ અરજી દાખલ કરી હતી. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, આ ત્રણ રાજ્યોએ સુપ્રીમ કોર્ટના ગયા વર્ષે અપાયેલા છઠ્ઠી સપ્ટેમ્બરના આદેશને માન્ય રાખ્યો નથી. ત્રણ રાજ્યોને નોટિસ જારી કરીને ત્રીજી એપ્રિલ સુધી જવાબ આપવા માટે આદેશ કરાયો હતો. ગાંધી તરફથી વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ છતાં જુદા જુદા રાજ્યોમાં હજુ પણ ગૌરક્ષાના નામે હિંસક ઘટનાઓ બની રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય